પોલીસ કમિશ્નરની કચેરી,
વિશેષ શાખા, પોલીસ ભવન, જેલ રોડ,
વડોદરા શહેર . ૩૯૦૦૦૧
ટેલીફોન નં.૦૨૬૫-૨૪૨૩૯૫૦
કંટ્રોલ રૂમ ફેકસ નં.૦૨૬૫-૨૪૩૨૫૮૨
E-mail ID : cp-spl-vad@gujarat.gov.in

ક્રમાંક :G/CP/વિ.શા./પરીક્ષા/જાહેરનામું/૩૩૫૭ /૨૦૨૧ તારીખ:૧૨/૦૮/૨૦૨૧

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ :-**

વડોદરા શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં તા.૧૩/૦૮/૨૦૨૧ ના રોજ ક.૧૧/૦૦ થી ૧૩/૦૦ તથા ક.૧૫/૦૦ થી ૧૭/૦૦ દરમ્યાન ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા આસી. સહાયક વર્ગ-૦૩ (GMDC) પ્રાથમિક કસોટી કુલ-૫૭ પરીક્ષા કેન્દ્રો ઉપર લેવામાં આવનાર છે. જે સ્કુલો / હાઇસ્કુલોમાં લેવામાં આવનાર કેન્દ્રોની યાદી નીચે મુજબ છે. આ પરીક્ષા દરમ્યાન કોઇ ગેરરીતિઓ ન થાય, પરિક્ષાર્થીઓ નિર્ભયતાથી પરિક્ષા આપી શકે, તેમજ કાયદો અને વ્યવસ્થાની જાળવણી સુનિશ્ચિત કરવા જાહેર શાંતિ અને સલામતી જળવાય રહે તે માટે તેમજ પરિક્ષા મુકત ન્યાયી અને સરળ સંચાલન માટે અને પરિક્ષામાં ગેરરીતિઓ અટકાવવા પ્રતિબંધ ફરમાવવો જરૂરી જણાય છે.

વાસ્તે હું ડો. શમશેર સિંઘ, I.P.S., પોલીસ કમિશ્નર, વડોદરા શહેર, કલેકટરશ્રી, વડોદરાના પત્ર ક્રમાંકઃકભય/GPSC/વશી/૨૧૬૨/૨૦૨૧. તા.૧૧/૦૮/૨૦૨૧ અન્વયે જે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૨૦ નીચેની પેટા કલમ-(૧) નીચે બહાર પાડવામાં આવેલ છે અને જેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહ વિભાગના તાઃ૦૭/૦૧/૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલિત જાહેરનામા નંબરઃ૬/ફકઅ/૧૦૮૮/ ૬૭૫૦/મ. માં થયેલ છે. જેમાં વડોદરા શહેરના પોલીસ કમિશ્નરશ્રી, અધિક પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી, મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી નાઓને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ તરીકે જાહેર કરવામાં આવેલ છે. તેમજ તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે. તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં તાઃ૧૩/૦૮/૨૦૨૧ ના રોજ ક.૦૯/૩૦ થી ક.૧૮/૦૦ સુધી નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

**-: કૃત્યો :-**

વડોદરા શહેરમાં જે-જે કેન્દ્રો (સ્કુલ / હાઇસ્કુલ) માં પરિક્ષા લેવાનાર છે જે-તે પરિક્ષા કેન્દ્રોની શાળાઓના પરિક્ષા ખંડની અંદર તાઃ૧૩/૦૮/૨૦૨૧ ના કલાકઃ૦૯:૩૦ થી ૧૮:૦૦ સુધી પરીક્ષા કેન્દ્રની અંદર કોઇ પણ વ્યકિતએ સેલ્યુલર ફોન, હેન્ડસેટ, વોકીટોકી, કોર્ડલેસ ફોન, મોબાઇલ ફોન,વાયરલેસ સાહિત્ય વિગેરે લઇ જવા ઉપર, કે, ઈલેકટ્રોનીક ઉપકરણો લઇ જવા ઉપર પ્રતિબંધ ફરમાવવામા આવે છે. તેમજ પરીક્ષા કેન્દ્રની બહાર આજુ-બાજુમા ૧૦૦-મીટરના અંતરમા પરીક્ષા દરમ્યાનમા ચાર કે તેથી વધુ વ્યક્તિઓએ ભેગા થવુ નહી, તથા પરીક્ષા કેન્દ્રની બહાર ૧૦૦ મીટરના અંતરમા ઝેરોક્ષ મશીન ચાલુ રાખી શકશે નહી, કે લાઉડ સ્પિકર વગાડી શકશે નહી

**-: વિસ્તાર :-**

વડોદરા શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળના વિસ્તારમા આવેલ તમામ પરિક્ષા કેન્દ્રની શાળાઓ/ હાઈસ્કુલની વિગત નિચે મુજબ છે.

## એનેક્ષર-એ

**ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા આસી.સહાયક,વર્ગ-૦૩ (GMDC) પ્રાથમિક કસોટી**

| અ.નં | (શાળા/કોલેજ) પરીક્ષા કેન્દ્રનું નામ | પરીક્ષા કેન્દ્રનું સરનામું | પો.સ્ટે. |
|---|---|---|---|
| ૧ | એલેમ્બિક વિધાલય, | એલેમ્બીક કોલોની, ગોરવા,વડોદરા . | ગોરવા |
| ૨ | બરોડા હાઇસ્કુલ જુની.૨ | એકસપ્રેસ હોટલ,અલકાપુરી રોડ વડોદરા. | સયાજીગંજ |
| ૩. | તેજસ વિધાલય | ઇલોરાપાર્ક સુભાનપુરા, વડોદરા | ગોરવા |
| ૪. | વિધ્યા વિકાસ વિધ્યાલય | સુભાનપુરા, ગોરવા | ગોરવા |
| ૫. | સત્યનારાયણ વિધાલય | લક્ષ્મીપુરારોડ,ગોરવા વડોદરા લક્ષ્મીપુરા | ગોરવા |
| ૬. | ગાયત્રી વિધ્યાલય ગાયત્રીનગર રોડ ગોત્રી | ગાયત્રીનગર રોડ ગોત્રી | ગોત્રી |
| ૭. | રામેશ્વર વિધયાલય | ગોત્રી રોડ | ગોત્રી |
| ૮. | સી વિધ્યાલય.એચ. | ટી.બી. હોસ્પિટલ પાસે ગોત્રી લક્ષ્મીપુરા. | ગોરવા |
| ૯. | ઉત્કર્ષ વિધાલય | ગદાપુરા હરીનગર,ગોત્રી રોડ ગોત્રી વડોદરા. | ગોત્રી |
| ૧૦. | વિધ્યામંદિર વિધાલય, | યશ કોમ્પલેક્ષ સામે, શિવમ પાર્ટી પ્લોટની સામે ગોત્રી રોડ | ગોત્રી |

Scanned with CamScanner

| | | | |
|---|---|---|---|
| ૧૧. | વિધુત બોર્ડ વિધ્યાલય (અ.મા.) | જુના પાદરા રોડ વડોદરા. | ગોત્રી |
| ૧૨.. | વિધુત બોર્ડ વિધ્યાલય (ગુ.મા.) | જુના પાદરા રોડ વડોદરા. | ગોત્રી |
| ૧૩. | કેળવણી ટ્રસ્ટ વિધાલય | અકોટા સ્ટેડીયમ પાસે, મનીષા ચોકડી, અકોટા | ગોત્રી |
| ૧૪. | શબરી વિધાલય | વાસણારોડ વાસણા વડોદરા. | ગોત્રી |
| ૧૫. | સંત કબીર સ્કુલ | રાનેશ્વર મહાદેવ, વાસણા રોડ,વડોદરા. | ગોત્રી |
| ૧૬. | ન્યુઇરા ગર્લ્સ વિધાલય | ભુતડીઝાંપા વડોદરા. | કારેલીબાગ |
| ૧૭. | સરદાર વિનય મંદિર | આર્યકન્યા વિધાલય, કારેલીબાગ વડોદરા. | કારેલીબાગ |
| ૧૮. | જલારામ વિધાલય | આર્યકન્યા વિધાલય, કારેલીબાગ વડોદરા. | કારેલીબાગ |
| ૧૯ | શ્રીક્રિષ્ણ હિન્દી વિધાલય | યાદવનગર, હિરાવન્શી ચેમ્બર્સ, કારેલીબાગ | કારેલીબાગ |
| ૨૦ | જીવન ભારતી વિધાલય | કારેલીબાગ મેન્ટલ હોસ્પીટલ વડોદરા. | કારેલીબાગ |
| ૨૧ | રોઝરી હાઇસ્કુલ | પ્રતાપગંજ વડોદરા. | સયાજીગંજ |
| ૨૨ | હિલ મેમોરીયલ હાઇસ્કુલ | યુનિવર્સીટી પેવેલિયનની સામે, ફતેગંજ વડોદરા. | ફતેગંજ |
| ૨૩ | આર.સી.પટેલ નવયુગ વિધાલય | ચર્ચની પાછળ ફતેગંજ વડોદરા. | ફતેગંજ |
| ૨૪ | કોન્વેન્ટ જીજીસ એન્ડ મેરી સ્કુલ | ૨૨ કેમ્પ ઇ.એમ.ઇ.પો.સ્ટ ઓફિસ સામે ફતેગંજ રોડ | ફતેગંજ |
| ૨૫ | ટી.આર.પટેલ સ્કુલ | સરદારનગર,છાણીરોડ, નિઝામપુરા વડોદરા. | ફતેગંજ |
| ૨૬ | બરોડા હાઇસ્કુલ સિનિયર | પોલોગ્રાઉન્ડ સામે બગીખાના,વડોદરા | નવાપુરા |
| ૨૭ | નવજીવન હાઇસ્કુલ | પોલોગ્રાઉન્ડ સામે બગીખાના,વડોદરા | નવાપુરા |
| ૨૮ | શ્રેયસ વિધાલય (ગુ.મા.) | માંજલપુર વડોદરા. | માંજલપુર |
| ૨૯ | પંચશીલ વિધાલય | સુવર્ણગંગા, વ્રજ ગાર્ડન પાસે, માંજલપુર વડોદરા. | માંજલપુર |
| ૩૦. | સ્ટેલા મેરી સ્કુલ | જી આઇ ડી સી રોડ, માંજલપુર | માંજલપુર |
| ૩૧. | ન્યુ હેવન વિધાલય | વૃન્દાવન બસ સ્ટોપ પાસે, વડોદરા | બાપોદ |
| ૩૨. | શ્રી સ્વામિવિવેકાનંદ વિધાલય | પરિવાર ચાર રસ્તા, વડોદરા | પાણીગેટ |
| ૩૩. | શ્રી નારાયણ વિધ્યાલય | વાઘોડીયા ડભોઇ રીંગ રોડ- | પાણીગેટ |
| ૩૪. | શ્રી સ્વામિવિવેકાનંદ વિધાલય | પરિવાર ચાર રસ્તા, વડોદરા | પાણીગેટ |
| ૩૫. | શ્રી વલ્લભ વિધ્યામંદિર | ડભોઇ-વાઘોડીયા રીંગ રોડ | પાણીગેટ |
| ૩૬. | સયાજી બોઇઝ | ઘડીયાળીપોળ, માંડવી વડોદરા | વાડી |
| ૩૭. | આર.એન્ડ કે પંડયા વિધાલય | ચીત્તે ખાન ગલી, ગેંડીગેટ રોડ વડોદરા. | વાડી |
| ૩૮. | સ્વામી વિધ્યાનંદજી વિધાલય | ગીતા મંદિર, પ્રતાપનગરરોડ | વાડી |
| ૩૯. | ઝેનીથ હાઇસ્કુલ | ડભોઇ રોડ પ્રતાપનગર | વાડી |
| ૪૦. | બરોડા હાઇસ્કુલ | ONGC કોલોની વડોદરા | મકરપુરા |
| ૪૧ | સરદાર વલ્લભભાઇ પટેલ વિધાલય | આજવા રોડ વડોદરા. | બાપોદ |
| ૪૨. | શ્રી અંબે વિધાલય, | બાપોદ જકાતનાકા, વડોદરા . | પાણીગેટ |
| ૪૩. | પરીવાર વિધાલય, | આજવારોડ, વડોદરા | પાણીગેટ |
| ૪૪. | એસ.ડી.પટેલ વિધાલય, | જય યોગેશ્વર ટાઉનટશીપ આજવારોડ વડોદરા. | બાપોદ |
| ૪૫. | રઘુકુળ વિધ્યાલય | સ્નેહલ પ્રીટીંગ પ્રેસ સામે, ન્યુ VIP રોડ કારેલીબાગ | બાપોદ |
| ૪૬. | લાલ બહાદુર શાસ્ત્રી વિધ્યલય | હરણી રોડ ,સંગમ ચાર રસ્તા વડોદરા | કારેલીબાગ |
| ૪૭. | શ્રી નારાયણ વિધાલય | વૃન્દાવન ટાઉનશીપ પાસે, વિજયનગર, હરણીરોડ | વારસીયા |
| ૪૮. | શ્રી સાધુવાસવાણી વિધાલય | એરપોર્ટ સામે ન્યુ વી.આઇ.પી.રોડ વડોદરા. | વારસીયા |
| ૪૯. | ગુરૂકુલ વિધાલય | હરણી વારસીયા રીંગ રોડ વડોદરા. | વારસીયા |
| ૫૦. | વિધામંદિર વિધાલય | હરણી વારસીયા રીંગ રોડ, કિશનવાડી વડોદરા. | વારસીયા |
| ૫૧. | સ્વામી વિવેકાનંદ હાઇસ્કુલ | જી.આઇ.ડી.સી. કોલોની, મકરપુરા વડોદરા. | માંજલપુર |
| ૫૨. | ડોનબોસ્કો વિધાલય | કબીર કોમ્પ્લેક્ષ પાસે, મકરપુરા વડોદરા. | માંજલપુર |
| ૫૩. | ન્યુઇરા હાઇસ્કુલ | નોવિનો બેટરી સામે, મકરપુરા વડોદરા | મકરપુરા |
| ૫૪. | લાલબહાદુર શાસ્ત્રી વિધાલય મકરપુરા | મકરપુરા ગામ | મકરપુરા |
| ૫૫. | ઓકઝોલીયમ કોન્વેન્ટ | સુસેન ચારરસ્તા પાસે,મકરપુરા રોડ વડોદરા. | મકરપુરા |
| ૫૬. | મહારાણી કન્યા વિધાલય | સુરસાગર તળાવ વડોદરા | રાવપુરા |
| ૫૭. | એમ.ઇ.એસ.બોઇઝ હાઇસ્કુલ | અજબડી મીલ પાસે, યાકુતપુરા વડોદરા. | સીટી |

Scanned with CamScanner

**-: અપવાદ :-**

**આ હુકમમાંથી નીચે જણાવેલ વ્યકિતઓને મુકિત આપવામા આવે છે.**

પરીક્ષા ફરજમા રોકાયેલ ગુજરાત જાહેર સેવા આયોગના અધિકૃત અધિકારીઓ પોતાની વિધીસરની ફરજો દરમ્યાન ફોનનો ઉપયોગ કરી શકશે.

**-: શિક્ષા :-**

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અધિક પોલીસ કમિશ્નર થી પોલીસ ઇન્સ્પેકટર સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો કલમ-૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામા આવે છે.

હું આથી આદેશ આપું છું કે,આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને લાઉડસ્પીકર સાથેના વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાનપત્રો અને આકાશવાણી અને દૂરદર્શન કેન્દ્ર ઉપરથી કરાવવી.

આજ તારીખ :**૧૨** -ઓગસ્ટ -૨૦૨૧ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

પોલીસ કમિશ્નર
વડોદરા શહેર

(ડો. શમશેર સિંઘ)
પોલીસ કમિશ્નર
વડોદરા શહેર

પ્રતિ,

(૧) વડોદરા શહેર તમામ પોલીસ સ્ટેશન ઇન્ચાર્જશ્રીઓ (નકલો ચોંટાડી લાઉડસ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ.)

(૨) વડોદરા શહેર પોલીસના તમામ સ્કવોડ તથા શાખા ઇન્ચાર્જશ્રીઓ

(૩) વડોદરા શહેર કંટ્રોલ રૂમ ઇન્ચાર્જશ્રી પોલીસ જાણ તથા વર્તમાનપત્રો દ્વારા પ્રસિધ્ધી કરાવવા સારૂ

(૪) વડોદરા શહેર પોલીસના તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ તરફ.

**નકલ રવાના :-**

(૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર.

(૨) પોલીસ મહાનિરીક્ષકશ્રી, વડોદરા રેન્જ, વડોદરા

(૩) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, વડોદરા

(૪) રજીસ્ટ્રારશ્રી, એડીશનલ સેશન્સ કોર્ટ, વડોદરા.

(૫) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશીયલ મેજી.કોર્ટ, વડોદરા.

(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા શહેર, વડોદરા

(૭) કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, વડોદરા.

(૮) પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્ય, વડોદરા.

(૯) પોલીસ અધિક્ષકશ્રી, રેલ્વે વડોદરા તથા પોલીસ ઇન્સ્પેકટરશ્રી, વડોદરા રેલ્વે પોલીસ સ્ટેશન, વડોદરા.

(૧૦) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, વડોદરા.

(૧૧) મેનેજરશ્રી,સરકારી પ્રેસ,વડોદરા (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરી તેની ૨૫ નકલો અત્રે મોકલી આપવા સારૂ)

(૧૨) મામલતદાર અને એકજીકયુટીવ મેજી.શ્રી, વડોદરા શહેર, વડોદરા.

(૧૩) મામલતદાર અને એકજીકયુટીવ મેજી.શ્રી, વડોદરા તાલુકા, વડોદરા.

(૧૪) સંયુકત માહિતી નિયામકશ્રી, કોઠી કચેરી, વડોદરા.

૨/- સ્થાનિક વર્તમાનપત્રોમાં તથા ચેનલોમાં વિના મુલ્યે બહોળી પ્રસિધ્ધિ કરવા વિનંતી

Scanned with CamScanner